યુનિવર્સિટીઓ તથા સંલગ્ન બિનસરકારી
કોલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને
પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવા
દેવા બાબત

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ક્રમાંક રજય-૧૦૯૩-યુઓ-૯૦૪-પ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૫ જાન્યુઆરી ૧૯૯૪

આમુખ :-

૧ નાણા વિભાગ ઠરાવ ક્રમાંક : રજય-૧૦૯૧-૬૬૦-પ, તા.૧-૭-૯૧.

૨ નાણા વિભાગ ઠરાવ ક્રમાંક : રજય-૧૦૯૧-૬૬૦-પ, તા.૨૦-૮-૯૧.

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના તા.૧-૭-૯૧ તથા તા.૨૦-૮-૯૧ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સેવા દરમ્યાન બે કેલેન્ડર વર્ષના બ્લોકમાં એકવાર ૧૫ દિવસની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉક્ત ઠરાવોનો લાભ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ તથા બિન સરકારી કોલેજોના બિન શૈક્ષણિક કર્મચારીઓને પણ આપવાની રજુઆતો આ કર્મચારીઓના મંડળો તરફથી સરકારને કરવામાં આવેલ છે.

૨. આ રજુઆતો અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ આમુખમાં જણાવેલ તા.૧-૭-૯૧ તથા તા.૨૦-૮-૯૧ના ઠરાવોનો લાભ તેમાં જણાવેલ શરતોને આધીન ૧૯૯૩-૯૪ ના બ્લોક વર્ષથી દર બે આખા કેલેન્ડર વર્ષમાં એકવાર ૧૫ દિવસની રજાનું રોકડમાં રૂપાંતર રાજ્યની યુનિવર્સિટીઓ તથા સંલગ્ન બિન સરકારી કોલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને આપવાનું ઠરાવેલ છે.

૩. આ હુકમો તા.૧-૧-૯૩ થી શરૂ થતા બ્લોક વર્ષથી અમલમાં આવશે.

૪. રજાના રોકડમાં રૂપાંતરની માંગણી કરતી અરજો અગાઉથી આપવાની રહેશે.

૫. સરકારી કર્મચારીઓ માટે હાલમાં અમલી રજાના રોકડમાં રૂપાંતર અંગેની સરકારશ્રીની નીતિ અંગે ભવિષ્યમાં જે કંઈ નીતિ વિષયક પુનઃ વિચારણા / નિર્ણય કરવામાં આવશે તે યુનિવર્સિટીઓ તથા સંલગ્ન બિન સરકારી કોલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને માટે પણ લાગુ પાડવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. વાય. ભટ્ટ,
ઉપ સચિવ,
નાણા વિભાગ.

નકલ રવાના :-

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.